## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રભુ, આપને ફિલ્મ માટે સાથે લઇ તો લઊ પરંતુ તમારે તો ટીકીટ ખરીદવી પડશે...!!



વોર્ડ નંબર ૮ ના કોર્પોરેટર રાજુભાઈપટેલની સરાહનીય કામગીરી બદલ સે. ૪-એ ના વસાહતીઓએ સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માન કર્યુ હતુ.




સમસ્ત સુડાવડ ગામ પરિવાર દ્વારા ૧૦માં સ્નેહમિલન કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને નોટ-બુક, કંપાસનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

# ટ્રસ્ટના નામે મહિલા સાથે રૂ.૭ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા.૭

ચિંતન ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ મહિલાઓને વિવિધ સરકારી સહાય તેમજ ટ્રસ્ટ ખોલી આપવાની લોભામણી લાલચ આપી રૂપીયા પચાવી પાડનાર જુનાગઢના ઈસમ સામે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. મહેસાણાની મહિલાને ટ્રસ્ટ ખોલી આપવાનું કહી અડાલજ પાસે રોકડા રૂ.૫ લાખ તેમજ બે લાખનો સોનાનો સેટ લઈ રફુચકકર થઈ જતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ જોટાણા તાલુકાના મુદરડા ગામમાં રહેતા રેખાબેન વિશાલભાઈ દત્ત સમાજસેવા કરે છે. તેમના લગ્ન વીસ વર્ષ અગાઉ થયા હતા.પરંતુ પતિ સાથે મનમેળ નહી આવતા ડીવોર્સ લીધા હતા. વૈષ્ણોદેવીથી આગળ સરખેજ માર્ગ પર ગુરુકુળ પાસે કોકીલાબેન ગજજર ચિંતન ટ્રસ્ટ નામની સંસ્થા ચલાવે છે. આ સંસ્થામાં દરેક સમાજની છોકરીઓના લગ્ન કરવા સમુહલગ્નનું આયોજન કરવામાં આવે છે.તે ઉપરાંત વિધવા બહેનોને રોજગારી સહિતના સેવાકીય કાર્ય સંસ્થા દ્વારા કરવામાં આવે છે.રેખાબેન વર્ષ ૨૦૨૧ માં ચિંતન સંસ્થા સાથે જોડાયા હતા અને સંસ્થાના વોટસએપ ગ્રુપમાં એડ થઈ ગયા હતા. જે ગ્રુપમાં સમાજ સેવા કરતી અન્ય મહિલાઓ પાથે પુંજાભાઈ ઉર્ફે પરેશભાઈ મકવાણા (રહે. પારસ એપાર્ટમેન્ટ બીજો માળ શાકમાર્કેટ પાસે કાલવા ચોકડી જુનાગઢ) એડ હતા. જેથી પરેશભાઈએ નંબર મેળવી રેખાબેનનો સંપર્ક કર્યો હતો. રેખાબેન સાથે વાતચીત બાદ પરિચય કેળવી મહેસાણામાં સમાજસેવા માટે ચેરીટેબલ ટ્રસ્ટ બનાવી આપવાની વાત કરી હતી. જયારે ટ્રસ્ટ નવુ હોવાથી હાલ કોઈ સરકારી સહાય મળશે નહીતેવી વાત કરી હતી. જેથી પરેશે પોતાનું જુનુ ટ્રસ્ટ રેખાબેનના ટ્રસ્ટ સાથે ભેળવી દઈશુ તો સરકાર દોઢ કરોડની ગ્રાન્ટ આપશે તેવો વિશ્વાસ આપી રૂ.૫ લાખ અડાલજ ત્રિ મંદિર ખાતે આપી જવા માટે કહ્યું હતું. થોડા દિવસ બાદ ફરી ફોન કરી રેખાબેનને કહ્યું કે મોઢેરા ખાતે વાણીયાનું મકાન ટ્રસ્ટ ખોલવા માટે રાખેલ છે. તમારુ કામ ફાઈનલ થઈ જવાની તૈયારીમાં છે.પરંતુ બીજા રૂપીયાની જરુર પડશે. જેથી રેખાબેને પૈસા નહી હોવાથી સોનાનો સેટ આપવાની વાત કરી હતી. તા.૧૯ જુન ૨૦૨૧ ના રોજ અડાલજ ત્રિ મંદિર રેખાબેને બે લાખની કિંમતનો સોનાનો સેટ પરેશને આપ્યો હતો. ત્યારબાદ તેણે વાત કરવાનું ઓછુ કરી દીધુ હતું. આ સમયે સેવા કાર્ય કરતા સ્મિતાબેન (રહે સાબરમતિ), જયોત્સનાબેન (રહે.ડીસા), નયનાબેન (રહે ,નારોલ), હસમુખભાઈ પટેલ (રહે.કડી ), સહિતના સાથે વાચતીત થતા રેખાબેનને જાણવા મળ્યું કે પુંજાભાઈ ઉર્ફે પરેશ મકવાણા સમાજ સેવા કરતા માણસો તેમજ મહિલા સાથે છેતરપિંડી કરે છે.બાદમાં બધાના નંબર બ્લોક કરી દે છે.આ સાંભળી રેખાબેનને પરેશનો સંપર્ક કરતા તેમનો નંબર પણ બ્લોક કરી દીધો હતો. ત્યારથી રેખાબેન સહિતના અન્ય ભોગ બનનાર વ્યકતિઓ પરેશની શોધખોળ કરવા છતા તે હાથમાં આવ્યો ન હતો. આખરે રેખાબેન દ્વારા અડાલજ પોલીસ મથકે છેતરપિંડીની ફરીયાદ નોંધાઈ છે.

## ખૂણેખાંચરેથી

● આગામી યોગ દિનની ઉજવણીને અનુલક્ષીને શહેરમાં સ્વર્ણિમ પાર્ક ખાતે તા.૧૯મી જુને પ્રેક્ટિસ સેશન રખાયું છે જે માટે ઓનલાઈન નોંધણી કરવામાં આવી રહી છે.

● શહેરમાં પ્રિમોનસુન કામગીરી હેઠળ સ્ટોર્મ વોટર લાઈનના મેઈનહોલ સહિત લાઈનની સાફસફાઈનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.

● શહેરમાં અનેક સ્થળે કચરો કલેકટ કરવા માટેની ગાડી અનિયમિત આવતી હોવાની ફરિયાદ સાંભળવા મળી રહી છે.

● ગુરુવારે મહાનગર પાલિકાની સામાન્ય સભા મળશે જેમાં મિલકતવેરામાં બંધખાલીનો લાભ આપવા અંગે, ૧૪મી એશિયા પેસિફિક સિટીઝ અને મેયર ફોરમમાં ભાગ લેવા અને જંત્રીદરને આધારે મિલકતવેરાના બિલમાં લોકેશન કોડ આપવા અંગેની ભલામણ સહિતના મુદ્દે ચર્ચા યોજાશે

● મહાનગરપાલિકા દ્વારા કોમન પ્લોટમાં ફેન્સિંગ કરી આપવા સામે વ્યક્તિગત રીતે કરાયેલાં ફેન્સિંગ નડતરરૂપ બનતાં હોવાથી વ્યક્તિગત રીતે કરાયેલાં ફેન્સિંગ પહેલાં દૂર કરવા જોઈએ તેવી લાગણી પ્રવર્તતી જોવા મળી રહી છે.

● વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્ર ડીએમઆર તરૂણ જૈન સહિત અધિકારીઓની ટીમ વિશેષ ઈન્સ્પેકશન ટ્રેન દ્વારા હિંમતનગર રૂટની તપાસ માટે ગયાં હતા જેમણે પરત ફરતાં ગાંધીનગર જિલ્લાના દહેગામ રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી હતી

## કુડાસણ ખાતે મહિલાને લુંટ હત્યાની વાત કરી સોનાની બંગડી-દોરો લઈ ત્રણ શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૭

કુડાસણ સરદાર ચોક ખાતે કીડીયારુ પુરતા મહિલાને ત્રણ અજાણ્યા શખ્સોએ લુંટ અને હત્યાની ખોટી વાત કરી સોનાના દાગીના ઉતરાવી કાગળમાં પેક કરી મહિલાની બેગમાં મુક્યા હતા. પરંતુ મહિલાએ ઘરે જઈને કાગળ ખોલીને જોતા બે બંગડીઓ ધાતુની હતી. જેથી મહિલાના અંદાજીત રૂ.૨ લાખની કિંમતની સોના ની બંગડીઓ અને દોરો લઈ ત્રણ શખ્સો રફુચકકર થઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબગાંધીનગરના કુડાસણ શુકન સિલ્વર એપાર્ટમેન્ટ ખાતે રહેતા પ્રેમલત્તાબેન સુભાષચંદ્ર મિશ્રા પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે. આજે કુડાસણ સરદાર ચોક ખાતે પેટ્રોલ પંપ સામે સવારના સમયે પ્રેમલત્તા બેન કીડીયારુ પુરવા માટે ગયા હતા. તે સમયે એક શખ્સ તેઓની પાસે આવ્યો હતો અને મને કહેવા લાગ્યો કે અમારી થોડે દુર ઉભેલા બે ભાઈઓ તમને બોલાવે છે. જેથી મહિલા તેઓની પાસે જતા તે શખ્સો કહેવા લાગ્યા કે ગાંધીનગરમાં એક બહેન પહેરેલા સોનાના દાગીના લુંટી લઈ તેમનું ખુન કરી નાંખ્યું છે. જેથી સરકારે સોનાના દાગીના પહેરી નીકળવુ નહી તેવુ જાહેરનામુ બહાર પાડ્યું છે. જેથી તેમ પહેરેલા સોનાના દાગીના ઉતારી તમારી બેગમાં મુકી દો તેમ કહ્યું હતું. જેથી મહિલાએ મારૂ ઘર નજીક છે જેથી હુ માર ઘરે જઈ દાગીના ઉતારી લઈશ. પરંતુ તેઓ માન્યા ન હતા અને મહિલાએ પહેરેલી સોનાની બંગડીઓ તેમજ સોનાનો દોરો ઉતારી નાંખી કાગળમાં પેક કરી મહિલા પાસે રહેલી બેગમાં મુકી હતી. તે સમયે બે વ્યકિત મહિલા સાથે વાત કરી રહ્યા હતા. ત્યારબાદ ત્રણેય જણા બાઈક લઈ જતા રહ્યા હતા. જયારે મહિલાએ ઘરે જઈ બેગમાં કાગળ વીટાળ્યું હતું તે ખોલીને જોતા બે કોઈ ધાતુની બંગડીઓ હતી.મહિલાની બંગડીઓ અને સોનાનો દોરો ન હતો. જેથી મહિલાને વિશ્વાસમાં લઈ લુંટ તેમજ ખુનની ખોટી વાતો કરી સોનાના દાગીના ઉતારી લઈ ધાતુની બંગડીઓ મુકી ને ઓરીજીનલ દાગીના લઈ જઈ છેતરપિંડી આચરેલ છે. જેથી મહિલાએ ત્રણ અજાણ્યા શખ્સો સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# કમલમ ખાતે સંયુકત કારોબારી બેઠક યોજાઈ



ગાંધીનગર,તા.૦૭

પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની અધ્યક્ષતામાં તેમજ સંગઠન મહામંત્રી રત્નાકર અને પ્રદેશ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાની વિશેષ ઉપસ્થિતમાં ગાંધીનગર મહાનગર, દાહોદ તેમજ ડાંગની સંયુક્ત કારોબારી બેઠક યોજાઈ હતી. જેમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ સરકાર દ્વારા ૯ વર્ષ દરમ્યાન કરવામાં આવ્યું હતું. જનસેવાના કાર્યોની માહિતી તેમજ સંગઠનાત્મક વિષય અંગે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

# પીડીઈયુ ખાતે ઈન્ટરનેશનલ કોન્ફરન્સ WAMS ૨૦૨૩નો પ્રારંભ

**વાયરલેસ, એન્ટેના અને માઇક્રોવેવ સિમ્પોસિયમના ઉદ્‌ઘાટન સત્રમાં ઇસરો-સેકના ડાયરેક્ટર નિલેશ દેસાઇ અને નાસાની જેપીએલમાંથી ડો.નેસર ચાહત સહિતના સંશોધકો ઉપસ્થિત રહ્યાં**

ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગરની પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) ખાતે ધ વાયરલેસ, એન્ટેના અને માઈક્રોવેવ સિમ્પોસિયમ "WAMS 2023" ની શરૂઆત ઉત્સાહજનક ઉદ્‌ઘાટન સત્ર સાથે થઈ હતી. WANMS ૨૦૨૩માં ૨૭૦ પેપર સબમિશન, ૨૫૦ રજિસ્ટ્રન્ટ્સ અને ૩૨ સત્રો અને પોસ્ટર સેશનમાં લગભગ ૨૨૦ પેપર પ્રેઝન્ટેશનની રેકોર્ડ સંખ્યા છે. કોન્ફરન્સમાં ૨૫થી વધુ એવોર્ડ આપવામાં આવશે. ઉદ્‌ઘાટન સત્રના એંકર ડો. પૂજા શાહે પરંપરાગત ઉર્જા સ્તુતિ સાથે કાર્યવાહીની શરૂઆત કરી અને WAMS ૨૦૨૩ના હેતુ અને કાર્યને સમજાવતા પરિચય આપ્યો હતો. તેમણે વાયરલેસ કોમ્યુનિકેશન, એન્ટેના અને માઈક્રોવેવ ટેકનોલોજીને આગળ વધારવા અને સંશોધકો, વ્યાવસાયિકો અને ઉદ્યોગના નેતાઓ વચ્ચે જ્ઞાનની આપ-લેની સુવિધામાં પરિ સંવાદની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. WAMS સોસાયટીના સ્થાપક સભ્ય ડૉ. સુધાકર રાવે WAMS સોસાયટીના મિશન પર પ્રકાશ પાડવા સાથે વાયરલેસ કોમ્યુનિકેશન, એન્ટેના અને માઈક્રોવેવ ટેક્નોલોજીના ક્ષેત્રમાં યુવા સંશોધકોને પોષવા અને પ્રોત્સાહન આપવા માટે સમાજના સમર્પણ પર ભાર મૂક્યો હતો. ટેકનિકલ પ્રોગ્રામ કમિટી (TPC)ના અધ્યક્ષ પ્રો. રમના રેડ્ડીએ પ્રતિષ્ઠિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર્સ (IEEE)માં પેપર સબમિશન અને પ્રકાશન પ્રક્રિયા અંગે વાત કરતાં સિમ્પોઝિયમમાં પ્રસ્તુત સંશોધનની ઉચ્ચ ગુણવત્તાની ખાતરી કરીને, સખત પીઅર-સમીક્ષા પ્રક્રિયા પર મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અમદાવાદ ખાતેના સ્પેસ એપ્લીકેશન સેન્ટર (SAC- ISRO)ના ડાયરેક્ટર નિલેશ એમ. દેસાઈએ કોન્ફરન્સ અંગે અવકાશ સંશોધનમાં વાયરલેસ, એન્ટેના અને માઈક્રોવેવ ટેક્નોલોજીની ભવિષ્યવાદી એપ્લિકેશનો પર પ્રકાશ પાડ્યો, સંશોધનની સીમાઓને આગળ વધારવામાં આ પ્રગતિઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. PDEUના ડાયરેક્ટર જનરલ પ્રો. એસ. મનોહરને WAMS ૨૦૨૩ માટે તેમનો પૂરા દિલથી ટેકો વ્યક્ત કર્યો, જેમાં ટેકનોલોજીકલ ઈનોવેશન અને સંશોધન સહયોગને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાને હાઈલાઈટ કરી હતી. નાસાની જેટ પ્રોપલ્શન લેબમાંથી ડો. નેસર ચાહતે ટેક્નોલોજીકલ સફળતા હાંસલ કરવા માટે સામૂહિક પ્રયાસોના મહત્વ પર પ્રકાશ પાડતા કાર્યોને પૂર્ણ કરવામાં સહયોગ અને ટીમ વર્કના મહત્વ પર ભાર મૂક્યો હતો. ઉદઘાટન સત્રમાં WAMS ૨૦૨૩ના સહભાગીઓ દ્વારા સબમિટ કરાયેલ સંશોધન અમૂર્તની સંપત્તિને સમાવતી અમૂર્ત પુસ્તિકા સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પ્રારંભે પીડીઈયુની સ્કૂલ ઓફ ટેક્નોલોજી (SOT)ના નિયામક ડૉ. ધવલ પૂજારાએ મહેમાનો અને શ્રોતાઓનું ઉષ્માભર્યું સ્વાગત સંબોધન કરતાં શુભેચ્છાઓ આપી હતી અને તેમની સહભાગિતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો તેમજ તકનીકી પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે સિમ્પોઝિયમના મહત્વ પર ભાર મૂક્યો હતો. પીડીઈયુના ICT અને ECE વિભાગના વડા ડૉ. ગંગા પ્રસાદ પાંડે દ્વારા આભાર વિધિ સાથે ઉદ્‌ઘાટન સત્રનું સમાપન થયું હતું.




# એસજેપીઆઈ કોલેજના યુવા સંવાદમાં હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાનું વક્તવ્ય






ગાંધીનગર, તા.૦૭

જગતના કોઈ પણ દેશનું ઉજ્જવળ ભવિષ્ય તે દેશનું ભાવિ યુવાધન હોય છે, માટે તે યુવાધનને યોગ્ય દિશા એ વાળવું તે એક અતિ આવશ્યક બાબત છે. ગાંધીનગરના ચ-૦ સર્કલ સ્થિત શ્રી જયરામભાઈ પટેલ મેનેજમેન્ટ કોલેજ ખાતે અવારનવાર યુવાલક્ષી વ્યક્તિત્વ વિકાસનાં પ્રયોજનો હાથ ધરાય છે. તાજેતરમાં શહેરના યુવા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાનું એક વ્યાખ્યાન યોજાયું હતુ જેમાં એક ભૂતપૂર્વ વિદ્યાર્થી કે જે કોલેજમાં જ પ્રાધ્યાપક તરીકે ફરજ બજવતાં હતાં તેઓને તેમની જવાબદારીની નિવૃત્તિના પગલે વિદાય પ્રસંગને પોતાનાં વકતવ્યમાં વણી લેતાં હરપાલસિંહ ઝાલાએ યુવા સંવાદે કોલેજનાં વિદ્યાર્થીગણને સુખ્યાત વકતા મોરારીબાપુની વાત કરતાં જણાવ્યું કે "માનવી ભૂલવા ચાહે તો પણ ચાર પરિબળ ન ભૂલી શકે -એક મા, બીજી માતૃભૂમિ, ત્રીજી માતૃભાષા અને ચોથી માતૃસંસ્થાન. જેના થકી માનવીનું જીવન ઘડતર થાય છે." વધુમાં તેઓએ ઉમેર્યું કે "જીવનમાં ક્યારેય હતાશ ન થવું." જીવન નૈતિકમૂલ્યો એ સમાજ પ્રત્યેની જવાબદારીના વહનને પ્રાધાન્ય આપતાં હંમેશા સકારાત્મકતા જાળવી સ્વ-વિકાસ સાથે સમાજ, દેશ તથા દુનિયાનાં ભાવિ ઘડતર અને ચણતરે પોતાને જોડતી હરપાલસિંહ ઝાલાની હળવી તળપદી કાઠિયાવાડી શૈલીમાં કરાયેલી નમ્ર અપીલને ઉપસ્થિત યુવાધને સહર્ષ તાલીઓના ગળગાડાટે વધાવી લીધી હતી. પ્રસંગના સાક્ષી બનતાં સામાજીક અગ્રણી અને કોલેજ મેનેજીંગ ટ્રસ્ટી જયપ્રકાશભાઈ પટેલ તથા કોલેજ ડિરેક્ટર હરિશચંદ્રસિંહ રાઠોડ સહ કોલેજના તમામ કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતા.

# ઘ-૩ સર્કલ પાસેથી મહિલાનો દોરો તોડી નાસી જનાર આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૭

શહેરના ભરચક વિસ્તાર ઘ-૩ સર્કલ પાસેથી બપોરના સમયે મહિલાના ગળામાંથી બે તોલાનો સોનાનો દોરો તોડી ભાગી જનાર શખ્સને પોલીસે ગણતરીના કલાકોમાં દબોચી લીધો છે. દોરો તોડી છુમંતર થઈ જનાર યોગેશ રમેશભાઈ પ્રજાપતિને પોલીસે પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી વિગત મુજબ રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના ચરેલ ગામના રહેવાસી સોનલબા અરવિંદસિંહ ગાંડુભા જાડેજા પોતાના પિયર પાલજ ગામથી માતા હંસાબેન તેમજ પાંચ વર્ષની દિકરી સાથે બસમાં બેસી ગાંધીનગર એસટી ડેપો આવ્યા હતા. જયાં સેકટર-૨૬માં જવા માટે ત્રણેય જણા ચાલીને વિટકોસ બસ સ્ટેન્ડ તરફ જઈ રહ્યા હતા.તે દરમિયાન ઘ-૩ સર્કલ પસાર કરતા સમયે પાછળથી અચાનક એક શખ્સ તેઓની પાસે ગયો હતો.



સોનલબાના ગળામાંથી સોનાનો એક પટ્ટીવાળો આશરે બે તોલાનો દોરો ઝુંટવીને નાસી ગયો હતો. આ બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધાતા એલસીબી પોલીસે તપાસ હાથ ધરી હતી.તે સમયે બામતી મળી હતી કે ચોરીના ગુનાને અંજામ આપનાર પેથાપુરની કિર્તીરાજ સોસાયટી મકાન નં.ઈ-૭ ખાતે રહેતો યોગેશ રમેશભાઈ પ્રજાપતિ છે. પોલીસે ગણતરીના સમયમાં ચેઈન સ્નેચરને પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી દીધો હતો. યોગેશ પ્રજાપતિ તલોદના દાદરડા ગામનો વતની છે. યોગેશને રૂ.૬૦ હજારનું દેવુ થઈ જતા પૈસા માટે લેણદારો ઉઘરાણી કરતા હતા. જેથી દેવુ ભરપાઈ થઈ જાય તે માટે સોનાનો દોરો તોડવાનો પ્લાન ઘડ્યો હતો. ત્યારે ઘ-૩ સર્કલ પાસે હતો તે સમયે મહિલાના ગળામાંથી દોરો તોડી ગુનાને અંજામ આપ્યો હતો.

## મહિલાએ સાસરીપક્ષના ૧૦ થી વધુ સભ્યો સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૪ માં રહેતી પરિણિતાને અમદાવાદ અસારવા ખાતે રહેતા સાસરીયાઓ ઘરકામ અંગે વાંધા વચકા કાઢી, મેણા-ટોણા મારી, મારઝુડ કરી શારીરીક માનસિક ત્રાસ આપતા મહિલાએ સાસરીપક્ષના સભ્યો સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧૪ ખાતે રહેતી યુવતિના લગ્ન અમદાવાદ અસારવા ખાતે વર્ષ ૨૦૧૮માં સમાજના રીત રિવાજ મુજબ થયા હતા.લગ્ન જીવન દરમિયા મહિલાને અઢી વર્ષનો દિકરો છે તેમજ તેણીના માતા પિતા હયાત ન હોવાથી તેના કાકા ઘરે રહે છે. લગ્નના બે વર્ષ બાદ મહિલાને તેના પતિ નાની વાતોમાં ઝઘડા કરી મારઝુડ કરતા હતા. જયારે મહિલાનું કંઈ સાંભળતા ન હતા.મહિલાના સાસુ-સસરા, જેઠ, નણંદ કહેતા હતા કે તુ તારા પિયરમાંથી કંઈ લાવી નથી તેમ કહીને મ્હેણાટોણા મારતા હતા. તે ઉપરાંત ઘર બનાવવા માટે મહિલા પાસે તેના સાસરી પક્ષના સભ્યો રૂ.૮ લાખની માંગ કરતા હતા. જયારે મહિલાના તમામ સોના-ચાંદીના દાગીના તેના પતિ પાસે હતા. જયારે મહિલાને તેના સાસુ સવારનું વધેલુ ભોજન તારે જ જમવાનું તેમ કહેતા હતા. પરંતુ મહિલા દિકરા અને પતિના ભવિષ્યને લઈ બધુ સહન કરતી હતી. જયારે મહિલા બીમાર પડે તો તેને પિયર મોકલી આપતા હતા.જેથી તેના કાકા સારવારનો ખર્ચ કરતા હતા.જયારે સાસરીપક્ષના સભ્યો મહિલાને તારે ઘરે આવવુ હોય તો રૂ.૨.૫ લાખ લઈને આવજે, બાકી ઘરમાં આવવા દઈશુ નહી તેમ કહેતા મહિલા એ પોલીસ મથકે સાસરી પક્ષના ૧૦ થી વધુ સભ્યો સામે ફરીયાદ નોંધાવી છે.

# દહેગામમાં ૨૮ જૂનના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

**જનતાએ પોતાની ફરિયાદ કે પ્રશ્નો ૧૦ દિવસમાં દહેગામ મામલતદાર કચેરીની રજિસ્ટ્રી શાખામાં મોકલી આપવાના રહેશે**

ગાંધીનગર,તા.૦૭

દહેગામ ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. જે નાગરિકોના પ્રશ્નો હોય તેઓએ તેમના પ્રશ્નો દસ દિવસ દરમિયાન દહેગામ મામલતદાર કચેરીની રજીસ્ટ્રી શાખામાં મોકલી આપવાના રહેશે. ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડિશીયલ પ્રશ્નો, તથા નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમાંલક્ષમાં લેવામાં આવશે નહી જેનું દરેકે ખાસ ધ્યાન રાખવું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓ ધ્વારા આવેલા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવશે. મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્ર્મના અનુસંધાને, દહેગામ તાલુકાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિરાકરણ માટે આગામી તા.૨૮/૦૬/૨૦૨૩ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યાથી શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ પ્રશ્નોના નિરાકરણ અંગે મામલત દાર કચેરી દહેગામ ખાતે ‘‘તાલુકા સ્વાગત કાર્યક્રમ’’ યોજવામાં આવનાર છે. આથી તાલુકાની જાહેર જનતાને પોતાની ફરિયાદ કે પ્રશ્નો ૧૦(દસ) દિવસમાં રજિસ્ટ્રી શાખામાં મામલતદાર કચેરી , દહેગામ ખાતે મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડિશીયલ પ્રશ્નો, તથા નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમાં લક્ષમાં લેવામાં આવશે નહી.રજુ કરવામાં આવનાર પ્રશ્નોના કવર ઉપર ‘‘તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૮/૦૬/૨૦૨૩’’ એમ અચુક લખવા અને તાલુકા સ્વાગત કાર્યક્ર્મના દિવસે અરજદારે ઉકત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

ટચૂકડી જાહેર ખબર

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ પ્રતીક નરેન્દ્રસિંહ સાંખલા, પુત્ર નરેન્દ્રસિંહ સાંખલા થી બદલીને પ્રતીકસિંહ સાંખલા કરેલ છે.
રહે. ૧૩૩/૨,
સેક્ટર-૧/બી,
ગાંધીનગર-૩૮૨૦૦૭